# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 21-10-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.

*****************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ કેરળના ચાર દિવસના પ્રવાસે તિરુવનંતપુરમ પહોંચ્યા
2) બિહાર વિધાનસભા ચૂંટણીના બીજા અને અંતિમ તબક્કા માટે ઉમેદવારી પત્રોની ચકાસણી પૂર્ણ.
3) સમગ્ર દેશ આજે પોલીસ સ્મૃતિ દિવસ મનાવી રહ્યો છે.
4) ગુજરાત અને હરિયાણા માટે કેન્દ્ર સરકારે 15મા નાણાપંચ હેઠળ 730 કરોડ રૂપિયાથી વધુનું અનુદાન ફાળવ્યું
5) યુરોપિયન સંઘના દેશો જાન્યુઆરી 2028 થી રશિયાની ઊર્જા આયાત પર પ્રતિબંધ મૂકવા સંમત થયા
6) એશિયન યુથ ગેમ્સમાં ભારતીય પુરુષો અને મહિલા કબડ્ડી ટીમોની જીત

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# EVE PREZ - KERALA

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે સાંજે કેરળના ચાર દિવસના પ્રવાસે તિરુવનંતપુરમ પહોંચ્યા . કેરળના રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેરકર , મુખ્યમંત્રી પિનરાયી વિજયન અને અન્ય વરિષ્ઠ મહાનુભાવો દ્વારા તિરુવનંતપુરમ આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર રાષ્ટ્રપતિનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું . રાષ્ટ્રપતિ આવતીકાલે દર્શન માટે સબરીમાલા મંદિરની મુલાકાત લેશે . તેઓ ગુરુવારે કેરળ રાજભવન ખાતે ભૂતપૂર્વ રાષ્ટ્રપ તિ કે આર નારાયણનની પ્રતિમાનું અનાવરણ કરશે.

. . . . . . . .

# BIHAR ELECTION

બિહાર વિધાનસભા ચૂંટણીના બીજા અને અંતિમ તબક્કા માટે ઉમેદવારી પત્રોની ચકાસણી આજે પૂર્ણ થઈ. ઉમેદવારો ગુરુવાર સુધીમાં તેમના ઉમેદવારી પત્રો પાછા ખેંચી શકશે. 20 જિલ્લાના 122 મતવિસ્તારો માટે 2 હજાર 600થી વધુ ઉમેદવારી પત્રો ભરાયા છે. પ્રથમ તબક્કા માટે મતદાન 6 નવેમ્બરે જ્યારે બીજા તબક્કા માટે મતદાન 11 નવેમ્બરે થશે.

ચકાસણી પ્રક્રિયા દરમિયાન , પૂર્વ ચંપારણ જિલ્લાના સુગૌલી વિધાનસભા મતવિસ્તારમાંથી વિકાસશીલ ઇન્સાન પાર્ટી- VIP ના ઉમેદવારનું ઉમેદવારી પત્ર રદ કરાયું. પ્રસ્તાવકોની અપૂરતી સંખ્યાને કારણે VIP ઉમેદવાર શશિ ભૂષણ સિંહનું નામાંકન રદ કરવામાં આવ્યું હતું. NDA તરફથી, લોક જનશક્તિ પાર્ટી-રામવિલાસ એ રાજેશ કુમાર, ઉર્ફે બબલુ ગુપ્તાને તે જ મતવિસ્તારમાંથી મેદાનમાં ઉતાર્યા છે.

. . . . .

# JMM-BIHAR ELECTION

ઝારખંડ મુક્તિ મોરચા -JMM એ આજે તેના ઇન્ડિ ગઠબંધનના સાથીઓ , કોંગ્રેસ અને RJD પર બિહાર વિધાનસભા ચૂંટણી માટે ચૂંટણી કરાર કરવામાં નિષ્ફળ રહેવા બદલ પ્રહારો કર્યા.

પક્ષે તેમના પર બેઠક-વહેંચણી વ્યવસ્થા અંગે પાર્ટીને મૂંઝવણમાં રાખવાનો અને તેને ચૂંટણીમાંથી ખસી જવા માટે દબાણ કરવાનો આરોપ લગાવ્યો . જેમ જેમ બિહાર ચૂંટણી નજીક આવી રહી છે , તેમ તેમ મહાગઠબંધનમાં આંતરિક તણાવ જોવા મળ્યો છે . JMM એ છ બેઠકો સ્વતંત્ર રીતે લડવાની યોજના જાહેર કર્યાના એક દિવસ પછી જ ગઠબંધનમાંથી બહાર નીકળવાની જાહેરાત કરી છે.

આ ઘટનાક્રમ પર પ્રતિક્રિયા આપતા , કોંગ્રેસના નેતા રાકેશ સિંહાએ કહ્યું કે JMM આગામી ચૂંટણીઓ માટે બેઠકો મેળવવાને પાત્ર છે, પરંતુ તેના માટે કોંગ્રેસને દોષી ઠેરવવી જોઈએ નહીં.

. . . . . . .

# POLICE COMMEMORATION DAY

સમગ્ર દેશ આજે પોલીસ સ્મૃતિ દિવસ મનાવી રહ્યો છે. 1959માં આ દિવસે , લદ્દાખના હોટ સ્પ્રિંગ્સ ખાતે સશસ્ત્ર ચીની સૈનિકો દ્વારા કરાયેલા હુમલામાં દસ બહાદુર પોલીસકર્મીઓએ પોતાના જીવ ગુમાવ્યા હતા. ત્યારથી , 21 ઓક્ટોબરે દર વર્ષે પોલીસ સ્મૃતિ દિવસ તરીકે મનાવવામાં આવે છે.

આ પ્રસંગે, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે જણાવ્યું હતું કે , દેશ 2047 સુધીમાં વિકસિત ભારતના લક્ષ્ય તરફ આગળ વધી રહ્યો હોવાથી , દેશની બાહ્ય અને આંતરિક સુરક્ષાનું સંતુલન પહેલા કરતાં વધુ મહત્વપૂર્ણ છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે એક સમયે રેડ કોરિડોર તરીકે ઓળખાતા વિસ્તારો હવે વિકસિત કોરિડોરમાં પરિવર્તિત થઈ ગયા છે.

(બાઇટ : RAJNATH-GROWTH-CORRIDOR)

. . . . . . . . . .

# J&K-IGP

જમ્મુ ઝોનના પોલીસ મહાનિરીક્ષક ભીમસેન તુતીએ આજે ભારપૂર્વક જણાવ્યું હતું કે જમ્મુ વિભાગના ગાઢ જંગલોમાં છુપાયેલા વિદેશી આતંકવાદીઓને નિષ્ક્રિય કરવા માટે જમ્મુ વિભાગમાં દરરોજ 100 થી વધુ આતંકવાદ વિરોધી કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

પોલીસ સ્મૃતિ દિવસ નિમિત્તે દેશ માટે પોતાના જીવનું બલિદાન આપનારા બહાદુરોને શ્રદ્ધાંજલિ આપવા માટે જમ્મુ રેલ્વે સ્ટેશન નજીક પોલીસ શહીદ સ્મારક ખાતે પુષ્પાંજલિ સમારોહનું નેતૃત્વ કર્યા બાદ મીડિયાકર્મીઓ સાથે તેઓ વાત કરી રહ્યા હતા.

આકાશવાણી જમ્મુ સંવાદદાતાના અહેવાલ મુજબ , ટોચના પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે ગાઢ જંગલોમાં વિદેશી આતંકવાદીઓની હાજરી એક મોટો પડકાર છે અને તેમને નિષ્ક્રિય કરવાના પ્રયાસો ચાલી રહ્યા છે. જમ્મુ પોલીસ વડાએ જણાવ્યું હતું કે છેલ્લા બે વર્ષથી , જમ્મુમાં વિદેશી આતંકવાદીઓ એક મોટો પડકાર રહ્યા છે.

. . . . . . . . . .

# PM - LETTER

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે જ્યારે વિશ્વ અનેક કટોકટીઓમાંથી પસાર થઈ રહ્યું છે, ત્યારે ભારત સ્થિરતા અને સંવેદનશીલતા બંનેના પ્રતીક તરીકે ઉભરી આવ્યું છે.

દિવાળીના પ્રસંગે દેશના નાગરિકોને લખેલા પત્રમાં , શ્રી મોદીએ કહ્યું કે ભારત નજીકના ભવિષ્યમાં વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવાના માર્ગ પર છે. તેમણે કહ્યું કે, વિકાસ અને આત્મનિર્ભર ભારતની આ યાત્રામાં , નાગરિકો તરીકેની પ્રાથમિક જવાબદારી રાષ્ટ્ર પ્રત્યેની ફરજો પૂર્ણ કરવાની છે.

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે, ઓપરેશન સિંદૂર દરમિયાન , ભારતે માત્ર ન્યાયીપણાને જ સમર્થન આપ્યું નહીં પરંતુ અન્યાયનો બદલો પણ લીધો . શ્રી મોદીએ કહ્યું કે, ભગવાન શ્રી રામ લોકોને ન્યાયીપણાનું સમર્થન કરવાનું શીખવે છે અને અન્યાય સામે લડવાની હિંમત પણ આપે છે.

. . . . . . . . .

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ મહિનાની 26 તારીખે આકાશવાણી પરથી પ્રસારિત થનારા "મન કી બાત" કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિઓ કાર્યક્રમની આ 127-મી કડી હશે. આ માટે લોકો પોતાના મંતવ્યો ટૉલ ફ્રી નંબર 1800—11—7800 પર તેમજ નરેન્દ્ર મોદી ઍપ્લિકેશન અને માય GOV ઑપન ફોરમના માધ્યમથી ઑનલાઈન મોકલી શકે છે. આ મહિનાની 24 તારીખ સુધી આ મંતવ્ય મોકલી શકાશે.

. . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

# REV. GST- AUTOMOBILE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જાહેર કરેલ અને 22 સપ્ટેમ્બરથી શરૂ કરાયેલ GST બચત ઉત્સવ, સમાજના તમામ વર્ગના લોકોને લાભ આપી રહ્યો છે. આજે , દેશના ઓટોમોબાઈલ ક્ષેત્રને મજબૂત બનાવવામાં GST સુધારાઓની અસર પર અમારા સંવાદદાતાનો અહેવાલ સાંભળીએ..

(વોઇસ કાસ્ટ : DRISTHI-GST)

. . . . . . . . . .

# REV. GRANTS- FINANCE COMMISION

ગુજરાત અને હરિયાણામાં ગ્રામીણ સ્થાનિક સંસ્થાઓને મજબૂત બનાવવા માટે કેન્દ્ર સરકારે 15મા નાણાપંચ હેઠળ 730 કરોડ રૂપિયાથી વધુનું અનુદાન ફાળવ્યું છે.

પંચાયતી રાજ મંત્રાલયે જણાવ્યું હતું કે ગુજરાતને 2024-25 માટે સંયુક્ત અનુદાનના બીજા હપ્તા તરીકે અંદાજે 522 કરોડ રૂપિયા મળશે . દરમિયાન, હરિયાણાને નાણાકીય વર્ષ 2025-26 માટે સંયુક્ત અનુદાનના પ્રથમ હપ્તા માટે 195 કરોડ રૂપિયા મળશે.

મંત્રાલયે જણાવ્યું હતું કે આ અનુદાનનો ઉપયોગ સ્વચ્છતા , ઘરગથ્થુ કચરાનો નિકાલ , પીવાના પાણીનો પૂરવઠો અને ODF સ્થિતિ જાળવવા જેવી મૂળભૂત સેવાઓ માટે કરાશે.

. . . . .

# EU-RUSSIAN OIL

યુરોપિયન સંઘના દેશો જાન્યુઆરી 2028 થી રશિયાની ઊર્જા આયાત પર પ્રતિબંધ મૂકવા સંમત થયા છે. ગઈકાલે લક્ઝમબર્ગમાં મળેલી બેઠક દરમિયાન, યુરોપિયન સંઘ-EU દેશોના ઊર્જા મંત્રીઓએ ડ્રાફ્ટ નિયમનની તરફેણમાં મતદાન કર્યું, જે રશિયા દ્વારા EU દેશોને પૂરા પાડવામાં આવતા પાઇપલાઇન તેલ અને પ્રવાહી કુદરતી ગેસ બંને પર લાગુ પડે છે.

યુરોપિયન પરિષદના જણાવ્યા અનુસાર, EUને ગેસ પુરવઠામાં વારંવાર વિક્ષેપો બાદ રશિયાની ઊર્જા પર નિર્ભરતા સમાપ્ત કરવા માટે EU ના REPowerEU રોડમેપનો આ નિયમન એક કેન્દ્રિય તત્વ છે.

.........

# EVE. JAPAN-PM

સનાઈ તાકાઈચી જાપાનના પ્રથમ મહિલા  પ્રધાન મંત્રી બન્યા છે . ઉપલા ગૃહે શ્રીમતી તાકાઈચીને પ્રધાનમંત્રી  તરીકે ચૂંટ્યા છે. તેમને ઉપલા ગૃહમાં ૧૨૫ મત મળ્યા, જે વિજય માટે જરૂરી સાદી બહુમતી કરતાં માત્ર એ ક મત વધારે છે. તેમણે નીચલા ગૃહમાં ૨૩૭ મત મેળવ્યા, જે જરૂરી ૨૩૩ બહુમતી કરતાં વધુ છે.

ભૂતપૂર્વ ટેલિવિઝન એન્કર , તાકાઈચી ૧૯૯૩માં જાપાનના રાજકારણમાં પ્રવેશ્યા હતા, તેમણે અપક્ષ તરીકે નીચલા ગૃહમાં બેઠક જીતી હતી . ૬૪ વર્ષીય ધારાસભ્ય હાલમાં તેમના ગૃહ પ્રીફેક્ચર નારા  નું પ્રતિનિધિત્વ કરે છે . શ્રીમતી તાકાઈચી ૧૯૯૬માં જાપાનના શાસક લિબરલ ડેમોક્રેટિક પાર્ટીમાં જોડાયા હતા અને ભૂતપૂર્વ જાપાની પ્રધાનમંત્રી  શિન્ઝો આબેના નેતૃત્વમાં પ્રથમ વખત મંત્રીમંડળમાં પ્રવેશ્યા હતા.

. . . . . . . . . . . . .

# ASIAN YOUTH GAMES-KABADDI

બહેરીનના મનામામાં ચાલી રહેલી એશિયન યુથ ગેમ્સમાં ભારતીય પુરુષો અને મહિલાઓની કબડ્ડી ટીમોએ શાનદાર જીત નોંધાવી છે.

ભારતીય પુરુષોની ટીમે પાકિસ્તાનને 81-26થી અને મહિલાઓની ટીમે ઈરાનને 59-26થી હરાવ્યું હતું. ભારતીય પુરુષોની ટીમે ગ્રુપ સ્ટેજમાં બાંગ્લાદેશ અને શ્રીલંકા સામેની જીત બાદ અજેય રહીને કેપ્ટન આદિત્ય દહિયાની આગેવાની હેઠળ શ્રેસ્ઠ પ્રદર્શન કર્યું.

ભારતીય મહિલાઓએ થાઇલેન્ડ સામે સુવર્ણ ચંદ્રક મેચમાં લગભગ પોતાનું સ્થાન હાંસલ કરી લીધું છે.

. . . . . .

# MUHURAT TRADING – CLOSING

બોમ્બે સ્ટોક એક્સચેન્જ -BSE અને નેશનલ સ્ટોક એક્સચેન્જ -NSE એ દિવાળીના અવસરે મુહૂર્ત કારોબાર કર્યો , જે નવા સંવત 2082 ની શરૂઆત હતી. બંને સૂચકાંકોએ આજના ખાસ ટ્રેડિંગ સત્રનો અંત નજીવા વધારા સાથે કર્યો.

સેન્સેક્સ 63 પોઈન્ટ વધીને 84 હજાર 426 પર બંધ થયો , જ્યારે NSE નિફ્ટી 25 પોઈન્ટ વધીને 25 હજાર 869 પર બંધ થયો.

દરમિયાન, બોમ્બે સ્ટોક એક્સચેન્જમાં વ્યાપક બજાર સકારાત્મક ઝોનમાં રહ્યું. મિડ-કેપ ઇન્ડેક્સ 0.2 ટકાથી વધુ વધ્યો અને સ્મોલ-કેપ ઇન્ડેક્સ 0.9 ટકા વધ્યો.

. . . . . .